# જમીન સંપાદન વિધેયક મુદ્દે વિપક્ષોનું રાષ્ટ્રપતિને આવેદનપત્ર



નવી દિલ્હી, તા.૧૭

જમીન સંપાદન વિધેયક મુદ્દે વિરોધ વધુને વધુ જલદ બની રહ્યો છે. રાજયસભામાં આ મુદ્દે સરકારને પીછેહઠ સાંપડયા બાદ વિપક્ષો વધુ આક્રમક મિજાજમાં આવી ગયા છે. આજે બહુજન સમાજ પક્ષ સિવાય ૧૧ વિપક્ષોએ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીને આ મુદ્દે આવેદનપત્ર આપ્યું હતું.

જમીન સંપાદન વિધેયકની કેટલીક કથિત આપખૂદ જોગવાઈ સામે એક બાજુ ખેડૂતો મેદાને પડયા છે જયારે બીજી બાજુ વિરોધ પક્ષોએ પણ કિસાનોના હિતની જાળવણી માટે બાંયો ચઢાવી છે. કેન્દ્ર સરકારને વધુ ભીંસમાં લેતા વિપક્ષોએ નવી દિલ્હીમાં પગપાળા રેલી કાઢી હતી. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના વડપણ હેઠળ નીકળેલી રેલીમાં બસપ સિવાય ભારતીય સામ્યવાદી પક્ષ, માર્કસવાદી સામ્યવાદી પક્ષ (સીપીએમ) અને જનતા દળ યુનાઈટેડ (જદ-યુ) સહિતના વિરોધ પક્ષો જોડાયા હતા. રેલીમાં મોટા ભાગના ટોચના નેતાઓ પણ જોડાયા હતા

રેલી પગપાળા રાષ્ટ્રપતિ ભવન સુધી ગઈ હતી. વિપક્ષોના નેતાઓ રાષ્ટ્રપતિ મુખરજીને મળ્યા હતા અને જમીન સંપાદન વિધેયકની કેટલીક જોગવાઈઓ સામે જોરાર વિરોધ વ્યકત કર્યો હતો. સોનિયા ગાંધીના વડપણ હેઠળ આ સાથે વિધેયકના વિરોધમાં આવેદનપત્ર પણ રાષ્ટ્રપતિને સુપરત કરાયુ હતું.



**બીજી મેના દિવસે આરોપો ઘડવાની પ્રક્રિયા**

## બદનક્ષી પ્રકરણ : કેજરીવાલ સામે સુનાવણી મોકૂફ કરાઈ

નવી દિલ્હી,તા. ૧૭

નવી દિલ્હીની સ્થાનિક અદાલતે દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલ તથા પાર્ટીના બે સાથીઓ સામે દાખલ કરવામાં આવેલી બદનક્ષીની ફરિયાદમાં સુનાવણી આજે મોકૂફ કરી દીધી હતી. આ મામલામાં હવે બીજી મેના દિવસે વધુ સુનાવણી હાથ ધરવામાં આવશે. કોર્ટે અગાઉ કેજરીવાલ, દિલ્હી સરકારમાં તેમના નાયબ મનિષ સિસોદિયા અને પાર્ટીના સાથી યોગેન્દ્ર યાદવની આ કેસના સંદર્ભમાં તેની સમક્ષ ઉપસ્થિત ન રહેવા બદલ જોરદાર ઝાટકણી કાઢી હતી. મેટ્રોપોલિટિન મેજિસ્ટ્રેટ કોર્ટે શાસક એએપીને ખુલાસો કરવા માટે કહ્યું હતું. કેસના સંદર્ભમાં કેજરીવાલની ગેરહાજરી માટે કોઈ કારણ કેમ આપવામાં આવ્યા ન હતા તે અંગે ખુલોસો કરવા માટે પણ કહ્યું છે. એએપીના નેતાઓની ઝાટકણી કાઢતા કોર્ટે વધુમાં કહ્યું હતું કે, કેજરીવાલ, સિસોદિયા અને યાદવ કાયદાનું સન્માન કરી રહ્યા નથી. આ કેસના સંદર્ભમાં તેમની સમક્ષ ઉપસ્થિત થવા તમામને સૂચના આપી હતી.

કેજરીવાલ, સિસોદિયા અને યાદવે અંગત હાજરીમાંથી મુક્તિની માંગ કરી હતી અને વકીલોની હડતાળની વાત કરી હતી. કોર્ટે અગાઉ આ ત્રિપુટીને ૧૭મી માર્ચના દિવસે ઉપસ્થિત થવા કહ્યું હતું. કેજરીવાલ, સિસોદિયા અને યોગેન્દ્ર યાદવને અગાઉ જામીન આપવામાં આવ્યા હતા. કોર્ટ દ્વારા તેમની સામે સમન્સ જારી કરાયા બાદ ગયા વર્ષે ચોથી જૂનના દિવસે કોર્ટમાં તેઓ ઉપસ્થિત થયા હતા. ત્યારબાદ તેમને જામીન અપાયા હતા. આઈપીસીની જુદી જુદી કલમો હેઠળ તેમની સામે સમન્સ જારી કરાયા હતા.

એએપીના નેતાઓ સામે સમન્સ જારી કરતા કોર્ટે કહ્યું હતું કે, સ્પષ્ટ સૂચના આપવામાં આવી હોવા છતાં આ લોકો હાજર રહ્યા ન હતા. હાલમાં જ યોજાયેલી દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં પ્રચંડ બહુમતિ સાથે એએપીએ જીત મેળવી હતી. દિલ્હીમાં હાલ અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં એએપીની સરકાર કાર્યરત થયેલી છે. કોર્ટે સુનાવણી મોકૂફ કરતા રાહત થઈ હતી.

# ઓબીસી ક્વોટામાં જાટને સામેલ કરવા માટેનો ફેંસલો રદ

નવી દિલ્હી,તા. ૧૭

સુપ્રિમ કોર્ટે આજે ઐતિહાસિક અને નોંધપાત્ર ચુકાદો આપીને જાટ સમુદાયને અનામત રદ કરવાનો નિર્ણય કર્યો હતો. અનામતના લાભ આપવાના હેતુથી ઓબીસીની યાદીમાં જાટ સમુદાયને સામેલ કરવાના કેન્દ્ર સરકારના નિર્ણયને સુપ્રીમ કોર્ટે રદ કરી દીધો છે. અગાઉ સુપ્રીમ કોર્ટે જાટ સમુદાયને સામેલ કરવા કેન્દ્ર સરકારના જાહેરનામા પર સ્ટે મુકવાની અરજીને ફગાવી દીધી હતી. માર્ચ ૨૦૧૪માં યુપીએ સરકાર દ્વારા જાટ સમુદાયને ઓબીસીની યાદીમાં સામેલ કરવામાં આવતા આને લઈને ચર્ચા રહી હતી. જો કે નરેન્દ્ર મોદી સરકારે અનામતના લાભ આપવા માટે કેન્દ્રિય ઓબીસીની યાદીમાં જાટ સમુદાયને સામેલ કરવાના યુપીએ સરકારના નિર્ણયને ટેકો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટમાં એવા આક્ષેપોને રદિયો આપવામાં આવ્યો હતો કે સામાન્ય ચૂંટણીમાં રાજકીય લાભ લેવા માટે આ નિર્ણયને ટેકો આપવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટમાં રજૂ કરવામાં આવેલી એફિડેવિટમાં નરેન્દ્ર મોદી સરકારે રજૂઆત કરી હતી કે કેન્દ્ર



સરકારે તમામ બાબતોને ધ્યાનમાં લીધી છે. વાસ્તવિકતામાં ધ્યાન આપ્યા બાદ નિર્ણય કરાયો હોવાની રજૂઆત કેન્દ્ર સરકાર તરફથી કરવામાં આવી હતી. કેન્દ્ર સરકારે ૨૮ પાનાની એફિડેવિટ દાખલ કરી હતી. કેન્દ્ર સરકારે રજૂઆત કરી હતી કે કેબિનેટે નિર્ણય લેતા પહેલા ઈન્ડિયન કાઉન્સિલ ફોર સોસિયલ સાયન્સ એન્ડ રિસર્ચ દ્વારા બનાવવામાં આવેલી નિષ્ણાંત સમિતિના અહેવાલના તારણોમાં ધ્યાન આપ્યુ હતુ. કોર્ટે અગાઉની સરકારના નિર્ણય રદ કરીને જાટ સમુદાયને અનામતને રદ કરવાનો નિર્ણય કર્યો છે. કોર્ટે કહ્યું હતું કે માત્ર જાતિ પછાતપણા માટે આધાર હોઈ શકે નહી. આ સામાજિક, આર્થિક અને શૈક્ષમિક રીતે થાય તે જરૂરી છે. યુપીએ સરકારે ગયા વર્ષે સામાન્ય ચૂંટણી પહેલા જાહેરનામુ જારી કરીને જાટ સમુદાયને બીસી કેટેગરીમા સામેલ કરવાની જાહેરાત કરી હતી. સુપ્રીમે આજે જાહેરનામાને રદ કરવાનો આદેશ કર્યો હતો. આની સાથે જ હવે કેન્દ્રિય નોકરી અને કેન્દ્રિય શૈક્ષણિક સંસ્થાઓમાં જાટ સમુદાયને અનામત મળશે નહી. જો કે સુપ્રીમ કોર્ટના આ નિર્ણયની અસર નવ રાજયોમાં જાટ સમુદાયના અનામત પર પડશે નહી. જસ્ટિસ રંજન ગોગોઈ અને જસ્ટિસ રોહિન્ટન ફરી નરિમનની બેંચ દ્વારા આ ચુકાદો આપવામાંઆવ્યો હતો. બેંચે ઠેરવ્યું હતું કે, નેશનલ કમિશન ફોર બેકવર્ડ ક્લાસના તારણોની અવગણના કરી કેન્દ્ર સરકારે આ નિર્ણય કર્યો હતો જેમાં ખામી રહેલી છે. બેંચે એમ પણ કહ્યું હતું કે, ભૂતકાળમાં જાતિના સમાવેશને લઈને દુવિધા હતી પરંતુ ભુલને સુધારી શકાય છે. ભુલને ચાલુ રાખવાની બાબત યોગ્ય નથી. બેંચે કહ્યું હતું કે, કેન્દ્ર સરકારને બંધારણનીય સ્કીમો હેઠળ ખાસ જાતિને અનામત આપવાની સત્તા છે પરંતુ દશક જુના તારણોના આધાર પર પરવાનગી આપી શકાય નહીં. ઓબીસી રિઝર્વેશન રક્ષા સમિતિ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીના આધાર પર આ ચુકાદો અપાયો છે.

## કોમવાદી હિંસાના બનાવો અંગે લોકસભામાં હોબાળો

નવીદિલ્હી, તા. ૧૭


લોકસભામાં આજે દેશમાં વધતા જતા કોમી હિંસાના બનાવો અંગે સામસામે આક્ષેપબાજીનો દોર ચાલ્યો હતો. કોંગ્રેસ અને ટીએમસીના સભ્યોએ ભાજપ સરકાર ઉપર ધાર્મિક માહોલને બગાડવાનો આક્ષેપ કર્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી લઘુમતિઓને ખાતરી આપી રહ્યા છે પરંતુ ભાજપ દ્વારા આ પ્રકારના પ્રયાસો કરાઈ રહ્યા છે. સંસદીય બાબતોના પ્રધાન વેંકૈયા નાયડુએ સરકાર તરફથી કોંગ્રેસ સામે મોરચા સંભાળ્યા હતા અને કોમવાદી રાજનીતિ રમવાનો કોંગ્રેસ ઉપર આક્ષેપ કર્યો હતો. તેમણે એમ પણ કહ્યું હતું કે, કાયદો અને વ્યવસ્થાના મુદ્દાઓ ઉપર રાજય સરકાર પોતાની રીતે કામ કરી રહી છે. સંસદમાં આક્ષેપો કરવાની બાબત યોગ્ય નથી. નાયડુએ એમ પણ કહ્યું હતું કે, અમે કોમવાદી રાજનીતિ રમવામાં માનતા નથી. તેમની સરકારનો એકમાત્ર હેતુ તમામ માટે વિકાસનો રહ્યો છે.

કોઈને રાજી કરવા માટે પગલા લેવામાં આવી રહ્યા નથી. હરિયાણામાં ચર્ચમાં તોડફોડ, પશ્ચિમ બંગાળમાં નન ઉપર બળાત્કાર અને આસામમાં ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામી દ્વારા કરવામાં આવેલા વિવાદાસ્પદ નિવેદન જેવા કોમવાદી બાબતોને લઈને ગૃહમાં ભારે ધાંધલ ધમાલ થઈ હતી. વિપક્ષ અને શાસક સભ્યોએ એકબીજા ઉપર પ્રહારો કર્યા હતા. સ્વામીના કહેવાતા નિવેદન અંગે નાયડૂએ કહ્યું હતું કે, આ પ્રકારના નિવેદનથી અમે સહમત નથી. ગૃહમાં આવા વ્યક્તિગત મુદ્દાઓ ઉઠાવવામાં આવે તે યોગ્ય નથી. સ્વામીએ એમ કહીને હાલમાં વિવાદ છેડ્યો હતો કે, મસ્જિદો ધાર્મિક સ્થળ નથી જેથી તેને તોડી પાડવી જોઈએ. કોંગ્રેસ અને ટીએમસીના સભ્યોએ આક્ષેપોનો મારો ભાજપ ઉપર ચલાવ્યો હતો. ગેંગરેપનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. અધિરરંજન ચૌધરીએ આક્ષેપ કર્યો હતો કે, બંગાળમાં મુખ્ય આરોપી હજુ સુધી પકડાયા નથી. ભાજપના એસએસ આહલુવાલિયાએ વળતો હુમલો કરતા કહ્યું હતું કે, પશ્ચિમ બંગાળમાં સરકાર અસરકારક દેખાઈ રહી નથી.

## પશ્ચિમ બંગાળ-હરિયાણામાં બનેલા બનાવોથી મોદી દુખી

નવી દિલ્હી,તા. ૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળમાં ૭૧ વર્ષીય નન ઉપર સામૂહિક બળાત્કાર અને હરિયાણામાં ચર્ચ ઉપર તોડફોડને લઈને જોરદાર નારાજગી વ્યક્ત કરી છે સાથે સાથે આ બંને રાજ્યો પાસેથી તાત્કાલિક અહેવાલની માંગ કરી છે. વડાપ્રધાનની ઓફિસે ટ્વિટર ઉપર નિવેદન જારી કરીને કહ્યું છે કે, હરિયાણાના હિસ્સારમાં અને પશ્ચિમ બંગાળના નાદિયામાં બનેલા બનાવથી વડાપ્રધાન ખુબ જ ચિંતિત અને દુખી થયા છે. બંને રાજ્યો પાસેથી બનાવના સંદર્ભમાં અહેવાલની માંગ કરવામાં આવી છે. પીએમઓ દ્વારા આ બનાવના સંદર્ભમાં લેવામાં આવેલા પગલાની માહિતી પણ માંગી છે. પીએમઓનું કહેવુંછે કે, નાદિયા જિલ્લામાં ગંગાપુર ખાતે બનેલા સામૂહિક બળાત્કારથી દેશ હચમચી ઉઠ્યો છે. સીસીટીવી ફુટેજથી આરોપીઓના ચહેરા સપાટી



ઉપર આવ્યા છે. આ કેસના સંદર્ભમાં ૧૦ લોકોની અટકાયત કરવામાં આવી છે પરંતુ કોઈની પણ ધરપકડ કરાઈ નથી. નારાજ થયેલા દેખાવકારોએ ગઈકાલે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીના કાફલાને અટકાવ્યો હતો જે વિસ્તારમાં બનાવ બન્યો હતો તે વિસ્તાર રંગઘાટ સબ ડિવિઝનની મમતાએ મુલાકાત લીધી ત્યારે સ્થિતિ તંગ બની ગઈ હતી. દરમિયાન હરિયાણાના હિસાર જિલ્લામાં નિર્માણ હેઠળ રહેલા ચર્ચમાં તોડફોડ કરવા અને હિંસા ફેલાવવાના સંદર્ભમાં ૧૪ લોકો સામે કેસ નોંધીને તપાસ હાથ ધરાઈ છે. એફઆઈઆર પણ દાખલ કરવામાં આવી ચુકી છે. તોફાની તત્વોએ ચર્ચની અંદર હિન્દુ દેવતાની પ્રતિમા મુકી દીધી હતી. આ બનાવ છઠ્ઠી માર્ચના દિવસે બન્યો હતો. હરિયાણા મુખ્યમંત્રી મનોહર ખટ્ટરે આદેશ કર્યો છે કે, દોષિતોને કઠોર સજા કરવામાં આવશે. કોઈને પણ છોડવામાં આવશે નહીં. આ બનાવથી દેશભરમાં ખ્રિસ્તી સમુદાયના લોકોમાં ભારે નારાજગી છે.

**રાજ્યસભા સભ્ય તરીકે રાજ બબ્બરે શપથ લીધા**

નવીદિલ્હી, તા. ૧૭

કોંગ્રેસના નેતા રાજ બબ્બર અને ભાજપના અમર શંકર સાબલેએ આજે રાજ્યસભામાં નવા ચૂંટાયેલા સભ્ય તરીકેના શપથ લીધા હતા. રાજ બબ્બર ઉત્તરાખંડમાંથી ઉપલાગૃહ માટે ચૂંટાઈ આવ્યા છે. રાજ બબ્બરે હિન્દીમાં શપથ લીધા હતા. રાજ બબ્બરનું અન્ય સભ્યો દ્વારા જોરદાર સ્વાગત કરાયું હતું. વિઝિટર ગેલરીમાંથી તેમના ભાઈ સહિત પરિવારના સભ્યોએ શપથવિધિ નિહાળી હતી. તેમનું જોરદાર સ્વાગત પણ કરાયું હતું. જ્યારે ભાજપના અમરશંકર મહારાષ્ટ્રમાંથી ચુંટાયા હતા. તેઓએ મરાઠીમાં શપથ લીધા હતા. ટીએમસીના ડોલાસેન પશ્ચિમ બંગાળમાંથી ચૂંટાયા હતા. તેઓએ બંગાળીમાં શપથ લીધા હતા. અધ્યક્ષ હમીદ અન્સારીએ વેલકમ સાથે સભ્યોનું સ્વાગત કર્યું હતું.

**સુબ્રમણ્યમના નિવેદન બાદ કામગીરી મોકૂફ**

નવીદિલ્હી,તા. ૧૭

રાજ્યસભામાં આજે સુબ્રમણ્યમ સ્વામીના નિવેદનને લઈને ભારે હોબાળો રહ્યો હતો. મસ્જિદો તોડી પાડવા અંગે ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામીના નિવેદનથી કોંગ્રેસના સભ્યો નાખુશ દેખાયા હતા અને રાજ્યસભાની કામગીરી મોકૂફ રાખવાની ફરજ પડી હતી. ત્રણ નવા ચૂંટાયેલા સભ્યોએ શપથ લીધા બાદ કોંગ્રેસના પ્રમોદ તિવારીએ આ મુદ્દો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે, ભારતીય લોકશાહીના આધારમાં બિનસાંપ્રદાયિકવાદ છે. સ્વામીના નિવેદનથી ભારે દહેશત ફેલાય તેવી સ્થિતિ છે. સંસદીય બાબતોના પ્રધાન મુખ્તાર અબ્બાસ નકવીએ કહ્યું હતું કે, આ મુદ્દાને શૂન્ય કલાક દરમિયાન ઉઠાવી શકાય છે. ભાજપ સામે કોંગ્રેસના સભ્યોએ સૂત્રોચ્ચાર કર્યા હતા.

**સ્ટેટ કેડરના ઓફિસરો માટે સારા સમાચાર**

## આઈએએસ, આઈપીએસમાં સમાવેશ વયમાં વધારો કરાયો

નવીદિલ્હી, તા.૧૭

સ્ટેટ કેડરના અધિકારીઓ માટે સારા સમાચાર છે. કારણ કે, આઈએએસ, આઈપીએસ અને આઈએફએસમાં સામેલ કરવાની વયમાં વધારો કરવામાં આવ્યો છે. ઓલ ઈન્ડિયા સર્વિસમાં સમાવેશ માટે વય મર્યાદા ૫૪થી વધારીને ૫૬ કરવામાં આવી છે. ડિપાર્ટમેન્ટ ઓફ પર્સનલ ટ્રેનિંગ દ્વારા ત્રણ ઓલ ઈન્ડિયા સર્વિસ ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ (આઈએએસ), ઈન્ડિયન પોલીસ સર્વિસ (આઈપીએસ), ઈન્ડિયન ફોરેસ્ટ સર્વિસ (આઈએફએસ) માટેના નવા નિયમો જારી કરી દીધા છે. નિયમો મુજબ યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી) કમિટિ રાજય સર્વિસમાંથી આઈએએસ, આઈપીએસ, આઈએફએસમાં પસંદગી કરવા માટે સંપૂર્ણપણે જવાબદાર રહેશે. આ કમિટિ સ્ટેટ સિવિલ સર્વિસના સભ્યોના કેસમાં વિચારણા કરશે નહીં. આ વર્ષની જાન્યુઆરીના પ્રથમ દિવસે ૫૬ વર્ષની વયને પાર કરી ચુકેલા લોકોને ધ્યાનમાં લેવાશે નહીં. આઈપીએસ અને આઈએફએસમાં સ્ટેટ પોલીસ અને ફોરેસ્ટ સર્વિસમાં પસંદગી માટે પણ આવા જ સુધારા કરાયા છે. અગાઉ સ્ટેટ સર્વિસમાંથી ઓફિસરોની વિચારણા માટેની મહત્તમ વય મર્યાદા ૫૪ વર્ષની હતી. નવા નિયમો મુજબ વયને હવે ૫૪થી વધારીને ૫૬ કરવામાં આવી છે. ૫૬ વર્ષની વયને પાર કરી ચુકેલા લોકોના નામ પસંદગી માટે ન આપવા રાજ્યોને કહેવામાં આવ્યું છે. વય મર્યાદામાં વધારો કરવાની હિલચાલ એવા સમયે આવી છે જ્યારે કેટલાક રાજ્યો સર્વિસ ઓફિસરો દ્વારા ૫૪ વર્ષની મહત્તમ વય મર્યાદાને પડકાર ફેંકીને સુપ્રીમમાં અપીલ કરી હતી. આમા જણાવવામાં આવ્યું હતું કે, મહત્તમ વય મર્યાદા વધારવી જોઈએ. કારણ કે કેન્દ્ર સરકારમાં નિવૃત્તિ વયને ૫૮ વર્ષથી વધારીને ૬૦ વર્ષ કરાઈ છે.

## શ્રીલંકા અને આફ્રિકા વચ્ચે આજે ફાઈટ ટુ ફિનિશ જંગ

સિડની,તા. ૧૭

સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ પર દક્ષિણ આફ્રિકા અને શ્રીલંકા વચ્ચે આવતીકાલે પ્રથમ ક્વાર્ટર ફાઈનલની સાથે જ હવે ક્વાર્ટર ફાઈનલ મેચનો તબક્કો શરૂ થઈ રહ્યો છે. કરોડો ચાહકો માટે હવે ખરા અર્થની રોમાંચકતા શરૂ થશે. કારણ કે હવે જે ટીમ હારી જશે તે વર્લ્ડ કપમાંથી બહાર થશે અને તેને સ્વદેશ પરત ફરવુ પડશે. જેથી ફાઈટ ટુ ફિનિશના જંગ માટે તમામ ટીમો તૈયાર છે. આવતીકાલે પ્રથમ જ મેચમાં શ્રીલંકાની ટક્કર દક્ષિણ આફ્રિકાની સામે થશે. આફ્રિકાની ટીમનો દેખાવ પ્રથમ રાઉન્ડમાં સારો રહ્યો ન હતો. જો કે ડિવિલિયર્સ ધરખમ ફોર્મમાં રહ્યો છે. તે જોતા શ્રીલંકાને આમેચ જીતવા માટે ડિવિલિયર્સને સસ્તામાં આઉટ કરવો પડશે. બીજી બાજુ આફ્રિકા પાસે વર્લ્ડ ક્લાસ બોલરો પણ છે. જેથી શ્રીલંકાના સ્ટાર બેટ્સમેનોને સાવધાનીપૂર્વક બેટિંગ કરવી પડશે. કુમાર સંગાકારા વર્તમાન વર્લ્ડ કપમાં ચાર સદી કરી ચુક્યો છે. તમામની નજર આ મેચમાં તેના દેખાવ પર રહેશે. સાથે સાથે દિલશાન જોરદાર તોફાની બેટિંગ કરી રહ્યો છે. શ્રીલંકા તેની તમામ તાકાત લગાવી દેવા માટે તૈયાર છે. બન્ને ટીમોના દેખાવને જોતા શ્રીલંકા વધારે મજબુત દેખાઈ રહ્યું છે. વર્લ્ડ કપમાં આફ્રિકાની ટીમ મોટી મેચોમાં હમેંશા ફ્લોપ સાબિત થઈ છે. આ બાબતમાંથી હવે ડિવિલિયર્સની ટીમ બહાર નિકળી શકે છે કે કેમ તે બાબત પર નજર રહેશે. સિડની મેદાન ખાતે રમાનારી મેચને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. સવારે નવ વાગ્યાંથી મેચ શરૂ થશે. ટોસ પણ મેચમાં ચાવીરૂપ ભૂમિકા અદા કરનાર છે. ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં બીજી વખત વર્લ્ડ કપનુ આયોજન કરવામાં આવ્યું છે. અગાઉ વર્ષ ૧૯૯૨માં આનુ આયોજન કરવામાં આવ્યું હતું. વર્લ્ડ કપ વર્લ્ડ કપની મેચો ૨૯મી માર્ચ સુધી ચાલશે. તમામ મેચો ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડના મેદાનમાં રમાશે. રાઉન્ડ રોબિન અને નોકઆઉટ ફોર્મેટના આધારે મેચો રમાનાર છે. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ દ્વારા ટુર્નામેન્ટ માટે કુલ ઈનામી રકમ ૧૦ કરોડ રૂપિયા રાખવામાં આવી છે. જે વર્ષ ૨૦૧૧માં રમાયેલા છેલ્લા વર્લ્ડ કપ કરતા ૨૦ ટકા વધારે ઈનામી રકમ છે.

**મુંબઈ-અમદાવાદ કોરિડોર પ્રોજેક્ટ રિપોર્ટ જૂનમાં તૈયાર**

# બુલેટ ટ્રેન માટે રૂટને ટૂંકમાં મંજુરી અપાય તેવા એંધાણ

નવી દિલ્હી,તા. ૧૭

હાઈ સ્પીડ ટ્રેન માટે પ્રતિ કિલોમીટર પાટા બિછાવવવા માટે ૧૦૦થી ૧૪૦ કિલોમીટરનો જંગી ખર્ચ થશે તેમ આજે રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ કહ્યું હતુ. દેશની પ્રથમ બુલેટ ટ્રેનના રુટને આ વર્ષે મંજુરી આપવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. જુનમાં બુલેટ ટ્રેન માટે કોરિડોરની વિગત સાથે સંબંધિત પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર થઈ જશે. ત્યારબાદ આ પ્રોજેક્ટને મંજુરી અપાશે. આ પ્રોજેક્ટના અંતિમ અભ્યાસમાં જાપાનની સંસ્થા જાયકાની મદદ લેવામાં આવી રહી છે. દિલ્હી-અમૃતસર ચંદીગઢ રૂટ ઉપર પણ સરકાર ગંભીરતાપૂર્વક વિચારણા કરી રહી છે. ડિટેલ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર થઈ રહ્યા છે. બુલેટ ટ્રેન સેલ્ફ ફાયનાન્સ સ્કીમ હેઠળ બનાવવામાં આવશે. બજેટ મારફતે બુલેટ ટ્રેનની બાબત શક્ય દેખાતી નથી. સિનિયર



અધિકારીના કહેવા મુજબ પાંચ વર્ષમાં ૮.૫ લાખ કરોડના રોકાણનું ટાર્ગેટ છે જે પૈકી ૬૫૦૦૦ કરોડ બુલેટ ટ્રેન કોરિડોર માટે છે. તેમણે કહ્યું હતું કે દેશમાં હાઈ સ્પીડ રેલ કોરિડોરમાં ટ્રેક બિછાવવા માટે કુલ ૮૦ હજાર કરોડ રૂપિયાનો જંગી ખર્ચ થઈ શકે છે. રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ આ મુજબની માહિતી આપ્યા બાદ જાણવા મળ્યું છે કે જંગી ખર્ચ કરવામાં આવનાર છે. તેમણે લોકસભામાં માહિતી આપતા કહ્યું હતું કે સામાન્ય ટ્રેકના નિર્માણ પર જે ખર્ચ થાય છે તેની સરખામણીમાં હાઈ સ્પીડ ટ્રેનના ટ્રેકના એક કિલોમીટરના નિર્માણ પર દસથી ૧૪ ગણો વધારે ખર્ચ થાય છે. પ્રશ્નકાળ દરમિયાન પ્રભુએ આ મુજબની માહિતી આપી હતી. પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું હતું કે અમને તૈયાર કરવામાં આવેલી યોજના હેઠળ સમગ્ર દેશમાં હાઈ સ્પીડ ટ્રેક બિછાવવા પર ૮૦ હજાર કરોડ રૂપિયાની જરૂર પડશે. પ્રભુએ કહ્યુ હતું કે ભારતીય રેલવેમાં હાલના સમયમાં કોઈ હાઈ સ્પીડ કોરિડરો નથી. આવા ભાવિ કોરિડોર માટે જે કોરિડોરની ઓળખ કરવામાં આવી છે તેમાં પુણે-મુંબઈ-અમદાવાદ, દિલ્હી-આગરા-લખનૌ-વારાણસી-પટણા, હાવડા-હલ્દિયા, ચેન્નાઈ-બેગ્લોર-કોઈમ્બતુર-એર્ણાકુલમ-થિરુવંતપુરમનો સમાવેશ થાય છે.

## સમાચાર ઝલક

- કરજણના શિવાલયમાં પૌરાણિક શિવાલય પ્રગટતા શ્રધ્ધાળુઓ ઉમટયા.
- બગોદરાના મહિલા પોલીસ સબ ઈન્સ્પેકટર ૬૦ હજારની લાંચ લેતાં ઝડપાયા.
- ગુજરાતમાં એકાદ બે દિવસમાં ૪૦ ડીગ્રી ઉષ્ણતામાનનો પારો વટાવે તેવી શકયતા.
- કચ્છમાં દુષ્કાળનો ઓછાયો. મોતમાં ધકેલાતા પશુઓ.
- ગુજરાતમાં વીજદર ૮ ટકા વધવાની શકયતા.
- કડીમાં વ્યાજખોરોનો આતંક. બિલ્ડરની હત્યા કરી કાર સાથે સળગાવી.
- અંકલેશ્વરમાં સતત ૬ દિવસથી ૧૨૦૦ ઉદ્યોગો ઠપ્પ.
- રાજસ્થાનમાં કમોસમી વરસાદથી ખેડૂતો માટે વિશેષ આર્થિક પેકેજ જાહેર કરાયું.
- ગ્રામીણ ડાક કર્મચારીઓનું આંદોલન અણનમ.
- હરિયાણામાં ગૌવંશનો કડક કાયદો મંજુર થયો.
- બિહાર પોલીસે પકડેલો ચોર કરોડપતિ આસામી નીકળ્યો.
- નળ સરોવર ઈકો સેન્સિટીવ ઝોનમાં ૯૬ સ્કીમોને મંજુરી.
- નખ ખાવાની કુટેવ ધરાવતી વ્યકિત પરફેકશનિસ્ટ હોય છે.